©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 19th SEPTEMBER, 2025/BHADRA 28, 1947 [No. 36

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. જે/એમએજી/શ્રમિક-લેબર/પોલીસ વેરીફીકેશન/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય તા. ૧૩-૦૫-૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./નાગરિકતા ખરાઈ/જાહેરનામુ/૩૦૭/૨૦૨૫ થી જણાવ્યાનુસાર તા. ૧૨-૦૫-૨૦૨૫ ના માન. ગૃહમંત્રીશ્રી ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને થયેલ વિડીયો કોન્ફરન્સમાં આપવામાં આવેલ સુચના મુજબ ગુજરાત રાજ્યમાં અલગ-અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો, ગુન્હાહીત ઈતીહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજ્યની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં તથા ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજૂર તરીકે કામ કરતા કારીગરો ગંભીર પ્રકારના ગુન્હાઓ આચર્યા બાદ અન્ય રાજ્ય કે જિલ્લામાં નાસી જતા હોય છે. જેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે કોઈ અન્ય શહેરમાં ગંભીર પ્રકારના ગુન્હાઓ આચરી રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આશરો લેતા હોય છે. આમ, રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારની સલામતિ અને શાંતી જળવાઈ રહે તે સારૂ રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં રહેતા તમામ પરપ્રાંતીયો, કારખાના/ઔદ્યોગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા રહેતા તમામ પરપ્રાંતીય શ્રમિકો/કામદારોની નાગરિકતાની ખરાઈ કરવા સારૂ ફખત આધારકાર્ડ ઉપર નિર્ભર નહી રહેતા આવા તમામ શ્રમિકો/કામદારોના પૂર્વ ઈતીહાસ, નાગરિકતા અને ઓળખ અંગે જરૂરી દસ્તાવેજો જેવા કે, જન્મ અંગેનું પ્રમાણપત્ર/પાસપોર્ટ/મતદાર કાર્ડ કે અન્ય ભારતીય હોવા અંગેના માન્ય પુરાવાઓની ચકાસણી કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી આવા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવમાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

જેથી, હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રુએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયના રાજકોટ જીલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવતા તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી પરપ્રાંતીયોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ ઉપર જણાવ્યાનુસારના જરૂરી ડોકયુમેન્ટસ નજીકના સંબંધીત પોલસ સ્ટેશનમાં ફરજીયાત જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

પ્રતિબંધિત સમય :

આ હુકમ તા. ૧૩-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી એ.એસ.આઈ. સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો પાસેથી જાહેર-વ્યવસ્થા કે લોકોમાં ભય ફેલાય તેવો કોઈપણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૧૩, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૧૩ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયેનું જાહેરનામુ

હુકમ

નં. જે/એમએજી/ગુ. પો. અ.-૩૩(૧)/ફા. નં. ૧૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટનાં તા. ૨૫-૦૩-૨૦૨૫ના પત્ર ક્રમાંક એલ.આઈ.બી./પથીક પ્રોગ્રામ/જાહેરનામુ/૨૨૧/૨૦૨૫ થી રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં બહારનાં જિલ્લા, રાજ્યો અને વિદેશમાંથી મોટા પ્રમાણમાં મુસાફરો આવે ત્યારે સ્થાનિક હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફર ખાના/કલબ હાઉસ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોએ ભાડેથી રૂમ રાખી રહેતા હોય છે. આ મુસાફરોની સાથે દેશવિરોધી અને અસામાજિક તત્વો પણ જિલ્લામાં આવી જાય અને દેશ વિરોધી ભાગફોડીયા પ્રવૃતિઓ કરે તેવી પુરતી શકયતાઓ રહેલી છે, જેથી રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ભાડેથી આવા તમામ સ્થળે રહેતા મુસાફરો ઉપર વોચ રાખવી અને તેની ચકાસણી કરવી ખુબ જ જરૂરી છે. આ પ્રકારે વોચ માટે ટેકનોલોજીનાં ઉપયોગથી હોટલ માલિકો અને પોલીસને સુવીધા રહે અને દૈનિક ધોરણે પોલીસને માહિતી ઓન-લાઈન મળી રહે તે હેતુ એપ્લીકેશન PATHIK (PROGRAMME FOR ANALYSIS OF TRAVELLER AND HOTEL INFORMATICS) ગુજરાત પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલ છે. આ PATHIK એપમાં દૈનિક ધોરણે દરેક હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફર ખાના/કલબ હાઉસ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોએ એન્ટ્રી કરવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ.

જેથી આ 'PATHIK' માં દૈનિક ધોરણે દરેક હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફર ખાના/કલબ હાઉસ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોનાં સંચાલક/માલિક/ભાગીદાર/જવાબદારોએ એન્ટ્રી કરવા માટે હું, એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૧-૦૪-૨૦૨૫ થી ૩૧-૦૫-૨૦૨૫ સુધી આ હુકમ કરૂ છું કે,

હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફર ખાના/કલબ હાઉસ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોનાં માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'PATHIK' (PROGRAMME FOR ANALYSIS OF TRAVELLER AND HOTEL INFORMATICS) ઈનસ્ટોલ કરવાની રહેશે તેમજ તેના મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રી આ 'PATHIK' એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી, માર્ચ-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડેલ છે.

રાજકોટ, ૨૮ માહે માર્ચ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમ-૨૨ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ક. ૩૭ (૧)/જા. નામુ/એપ્રિલ-૨૫/ફા.નં. ૩૨/૨૦૨૫.-આગામી માહે એપ્રિલ-૨૦૨૫ ના માસ દરમ્યાન શ્રી રામ નવમી, મહાવીર જયંતી, હનુમાન જયંતી, ડો. બાબાસાહેલ આંબેડકર જયંતી, ગુડ ફાઈડ તથા શ્રી પરશુરામ જંયતી જેવા તહેવારોની ઉજવણી થનાર હોય તેમજ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં વિવિધ રાજકીય પક્ષો તેમજ સંગઠનો દ્વારા આંદોલનો, રેલીઓ/ધરણા જેવા કાર્યક્રમો આપવામાં આવતા હોય છે. જે ધ્યાને લેતાં આ સમય દરમ્યાન રાજકોટ ગ્રામ્ય, જિલ્લા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૪-૨૦૨૫ થી ૩૦-૦૪-૨૦૨૫ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવની તથા તૈયાર કરવાની, તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૫) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૬) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર, રાજકોટની હકુમત સિવાયનો રાજકોટ ગ્રામ્ય જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) વૃધ્ધો તથા અશક્તો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(૩) સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલ હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૮, માહે માર્ચ-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

રાજકોટ, ૨૮ માહે માર્ચ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/કાવ્ય/JEE/પરીક્ષા/જા.નામું/જાન્યુઆરી/૨૦૨૫.-ડિરેકટર જનરલશ્રી, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, નવી દિલ્હીના તા. ૧૯-૦૩-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : D.O. NO. NTA/9213/JEE Main/2025 અનુસાર રાજકોટ જિલ્લામાં તા. ૦૨-૦૪-૨૦૨૫ થી તા. ૦૯-૦૪-૨૦૨૫ દરમ્યાન સવારે ૦૯-૦૦ કલાકથી સાંજના ૦૬-૦૦ કલાક સુધી જોઈન્ટ એન્ટરસ એકઝામીનેશન-મેઈન (JEE Main) પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હોય આ પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત મુજબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રની ૩૦૦ મી. ત્રિજયાના વિસ્તારમાં સાયબર કાફે, ફોટોકોપી કે ઝેરોક્ષ અને પ્રિન્ટીંગ શોપ્સ ચાલુ ન રહે તે માટે અને અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ થઈ શકે તેવા વિજાણુ ઉપકરણો લઈ જવા અને ઉપયોગ ન થાય તે માટે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ અધિકારની રૂએ હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ** આથી જોઈન્ટ એન્ટરસ એકઝામીનેશન-મેઈન (JEE Main) પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ કેન્દ્રો પૈકી રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારના નીચે મુજબના અનુસુચીમાં દર્શાવેલા પરીક્ષા કેન્દ્રો ઉપર જણાવેલ તારીખ અને સમય માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ ૩૦૦ મીટર (ત્રણસો મીટર) ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષામાં ગેરરીતી કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી તેમજ પરીક્ષા સ્થળે વિજાણુ ઉપકરણો જેવા કે મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જવા નહી તેમજ રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારના નીચે મુજબની અનુસુચીમાં દર્શાવવામાં આવેલ પરીક્ષા કેન્દ્રોની ૩૦૦ મીટર (ત્રણસો મીટર) ત્રિજયાના વિસ્તારમાં આવતા સાયબર કાફે, ફોટોકોપી કે ઝેરોક્ષ અને પ્રિન્ટીંગ શોપ્સ પરીક્ષાના દિવસે અને સમયે બંધ રાખવી તેમજ પરીક્ષા સેન્ટરમાં ઉપલબ્ધ ઝેરોક્ષ તથા લીથો મશીનો પણ બંધ રાખવા આથી હુકમ ફરમાવું છું.

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું	તારીખ	સમય
૧	iON Digital Zone iDZ 1 Methoda, Viral Avenue, Plot No. G-8, Near Kisan Gate No. 3, Kalawad Main Road, Rajkot.	(૧) ૦૨-૦૪-૨૦૨૫ થી ૦૪-૦૪-૨૦૨૫ (૨) ૦૭-૦૪-૨૦૨૫ થી ૦૯-૦૪-૨૦૨૫	સવારે ૦૯-૦૦ કલાક થી સાંજના ૦૬-૦૦ કલાક સુધી
૨	iON Digital Zone iDZ 2 Metoda, Viral Shopping, Inside Gate No. 3, Behind New Kismat Hotel, Above BOB & PNB Bank, Metoda Ind. Est. Lodhika-Metoda, Rajkot.		
૩	iON Digital Zone iDZ 3 Metoda, Viral Shopping, Inside Gate No. 2, Beside Corporation Bank, Metoda Ind. Est. Lodhika-Metoda, Rajkot.		

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓને તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ વ્યકિતઓને (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જઈ શકશે નહીં.)

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાન યાત્રાને.

હુ એવો આદેશ કરૂ છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શીક્ષાપાત્ર થશે. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૯, માહે માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી બહાર પાડયો.

રાજકોટ, ૨૯ માહે માર્ચ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. જે/એમએજી/ટોલ ગેઈટ/સીસીટીવી/ફા.નં. ૩૦/૨૦૨૩.-ભુતકાળમાં અમદાવાદ શહેર તેમજ મુંબઈમાં તેમજ દેશના વિવિધ શહેરોમાં ત્રાસવાદીઓએ પ્રવેશ કરી અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થોનો ઉપયોગ તેમજ હેન્ડ ગ્રેનેડનો ઉપયોગ કરી રાષ્ટ્રના તમામ લોકોને ભયજનક સ્થિતિમાં મુકી દીધેલ. હાલે સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રમાં ત્રાસવાદી પ્રવૃતિઓમાં દિનપ્રતિદિન વધારો થતો હોવાનું જણાયેલ છે. આવા બનાવો પરથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેરી વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી ઉપરોકત વિગતે ત્રાસવાદી પ્રવૃતિ આચરી જાહેર સલામતિ અને શાંતિનો વ્યાપકપણે ભંગ કરેલ છે, તેમજ જાન-માલ અને માનવ જીંદગીની તેમજ મિલ્કતની પણ મોટાપાયે ખુવારી કરી ગુન્હાઓ આચરી વાહનો મારફતે નાસી છુટતા હોય છે. તાજેતરમાં મિલ્કત સબંધી ગુન્હાઓ અને મુંબઈ પ્રોહીબીશન એકટ હેઠળના ગુન્હાઓનું પ્રમાણ પણ વધવા પામેલ હોય તેમજ ગુન્હેગારો આવા ગુન્હાઓ આચરી ગુન્હાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજ્ય બહાર પણ નાસી જાય છે. ત્રાસવાદીઓ/ગુન્હેગારોએ વાહન મારફતે મુસાફરી કરી હોય તેની વિગતો બનાવ પછી મળે છે. પરંતુ વાહનની પાકી ઓળખ પ્રસ્થાપિત થઈ શકતી નથી જેનો લાભ ગુનો આચરનારને મળે છે.

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં અન્ય રાજ્યમાંથી કે અન્ય જિલ્લામાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુન્હાઓ થતા અટકાવવા, થયેલ ગુન્હોઓનો પર્દાફાશ કરવા તથા ગુનેગારોને પકડી શકાય તે માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં રાજ્ય ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર હાલ નીચે મુજબ કાર્યરત ટોલનાકા પરના વાહનોના પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તેમજ આવા વાહન અને વાહન ચાલકોના ફોટોગ્રાફસ પણ લઈ ડેટાબેઈઝમાં જાળવવામાં આવે તે જાહેર સલામતિની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક જણાય છે.

ક્રમ	ધોરી માર્ગ નંબર અને નામ	હાલ કાર્યરત ટોલનાકાનું સ્થળ	ધોરીમાર્ગ જે એજન્સીનો છે તેનું નામ
૧	રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-બી, પોરબંદર-રાજકોટ.	ઉપલેટા તાલુકાના ડુમીયાણી ગામ પાસે	નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા
૨	રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-બી, પોરબંદર-રાજકોટ.	જેતપુર તાલુકાના પીઠડીયા ગામ પાસે	નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા
૩	રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-બી, પોરબંદર-રાજકોટ.	ગોંડલ તાલુકાના ભરૂડી ગામ પાસે	નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા
૪	રાજય ધોરી માર્ગ રાજકોટ-જામનગર-વાડીનાર	પડધરી તાલુકાના વણપરી ગામ પાસે	રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ

ઉકત ટોલનાકા ઉપરાંત કોઈ નવા ટોલનાકા ઉપસ્થીત કરવામાં આવે તો તેવા ટોલનાકા ઉપર પણ આ હુકમ લાગુ પડશે.

જેથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારીતય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લા વિસ્તારમાં આવેલ ઉપરોકત ટોલનાકાઓના મેનેજરશ્રી, વહીવટકર્તાઓ તેમજ ટોલનાકા માટે ટોલટેકસ વસુલાત માટે કોન્ટ્રાકટ આપનાર સંબંધિત સતાધિકારીઓએ ટોલનાકામાંથી પસાર થતાં તેમજ ટોલાનાકા સર્વિસ રોડ પરથી પસાર થતાં તમામ વાહનોના નંબર પ્લેટ અને વાહનના ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી. ટી.વી. કેમેરા ગોઠવી ટોલનાકામાંથી પસાર થતાં વાહનોનું રેકોર્ડીંગ કરવું તથા વાહનોના રજીસ્ટ્રેશનની સંપુર્ણ વિગતોની નોંધણી કરવી. તેમજ ટોલપ્લાઝા પર અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, એ. એસ. ટી. ગુજરાત રાજય, અમદાવાદના ખાનગી પત્ર ક્રમાંક : એટીએસ/મુ. મથક/૯૫/૨૦૧૨ તા. ૦૩-૧૨-૨૦૧૨માં દર્શાવવામાં આવેલ વિકલ્પ-૧ અથવા વિકલ્પ-૨ મુજબના સ્પેસીફીકેશન ધરાવતા લગાવવાના રહેશે.

ઉપરાંત સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હાઓ અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઈવે પરના પેટ્રોલપંપ ઉપર, હાઈવે ઉપરની હોટલો ઉપર, હાઈવે ઉપરના સીનેમાહોલ તેમજ જિલ્લાના મોટા મંદિરો, સાયબરકાફે, જવેલર્સની દુકાનો અને હોસ્ટેલો ઉપર સ્થાનિક માલિકો/સંચાલકો દ્વારા બિલ્ડીંગની અંદર અને બહાર જાહેર રોડને કવર કરે તે રીતે સારી કવોલીટીના સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

આવા સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન રાખવા તેમજ કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે, ઉકત સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ થઈ શકે તેવી કવોલીટીના રાખવા અને આવા ડીજીટલ રેકોર્ટીંગ તેમજ કોમ્પ્યુટર નોંધણીનો ડેટા બેક-અપ ૨૦ (વીસ) દિવસ સુધી જાળવી રાખવો. તેમજ સલામતિ વિષયક બાબતો સંભાળતી પોલીસ સહિતની કોઈપણ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરાવવો.

જાહેરનામાના અમલનો સમય અને વિસ્તાર :

આ હુકમ રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયના સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિસ્તારમાં તા. ૦૧-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૫, માહે એપ્રીલ-૨૦૨૫ ના રોજ મારી સહી સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. જે/એમએજી/મોબાઈલ/જા.નામું/ફા.નં. ૨૮/૨૦૨૩.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટએ હાલના પ્રવર્તમાન આતંકવાદના સંજોગો અને ભુતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ, સુરત તથા મોડાસા વગેરે જગ્યાઓએ થયેલ બોમ્બ બ્લાસ્ટ જેવા આતંકવાદી કૃત્યોને અટકાવવા માટે તેમજ ગુપ્તચર સંસ્થાઓએ વાઈટલ ઈન્સ્ટોલેશન અને અગત્યના ધાર્મિક સ્થળો, મંદિરો પરના હુમલાના ભયની શકયતા દર્શાવેલ છે. રાજકોટ જિલ્લામાં ગોંડલમાં આવેલ અક્ષર મંદિર, વિરપુરમાં આવેલ જલારામ મંદિર જેવા પ્રસિધ્ધ મંદિરો તથા અન્ય વાઈટલ ઈન્સ્ટોલેશન સ્થળો આવેલ છે. આવા સંજોગોમાં રાજકોટ જિલ્લામાં કોઈ આતંકવાદી કૃત્ય ન બને તેમજ આવા કૃત્યો કરવાનો ઈરાદો ધરાવતા ઈસમોને અટકાવવા સારૂ તેમજ જાહેર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર આવી ગુન્હાહિત પ્રવૃત્તિ અટકાવવી આવશ્યક છે. આવા બનાવોની તપાસ દરમ્યાન એવું ફલીત થાય છે કે, આવા આતંકવાદી પ્રવૃત્તિ આચરતા ઈસમો આવા ગુન્હાઓ આચરવા માટે જુના મોબાઈલની ખરીદી કરતા હોવાનું અને આવા કૃત્યોને અંજામ આપી આવા મોબાઈલ ફોન બંધ કરી દે અથવા તો વેચી દેતા હોય છે. તેમજ હાલનો યુવા વર્ગ જુના મોબાઈલ લે-વેંચના ધંધામાં રચ્યાપચ્યા રહેતા હોય આવી ગુન્હાહિત પ્રવૃત્તિમાં અજાણપણે સંડોવાઈ જતા હોય છે. તેમજ ગુન્હેગાર ઈસમો પણ ઘરફોડ ચોરીઓ, લુંટ, ધાડ, ચિલઝડપ વગેરે જેવા ગુન્હાઓમાં પણ મોબાઈલ ફોન ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેંચી દેતા હોવાનું ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાય આવે છે. તે માટે જુના મોબાઈલ ફોનની લે-વેંચ કરતા દુકાનદારો પર નિયંત્રણ મૂકવા સારૂ જરૂરી શરતોવાળું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ ખરીદનાર/વહેંચનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે, મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ તેમને આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયી હકિકત મળતી નથી. આવી તમામ પરિસ્થિતિને અનુલક્ષીને આવા ઈસમો તેમના મનસુબામાં કામીયાબ ન બને તેમજ કોઈ વ્યક્તિઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીઓને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદેલ છે અથવા તો જુનો મોબાઈલ કોને વહેંચેલ છે ? તે જણાવું જરૂરી જણાય છે. તે માટે જુના મોબાઈલ ફોનની લે-વેંચ કરતા દુકાનદારો પર નિયંત્રણ મૂકવા સારૂ જરૂરી શરતોવાળું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. તેમજ સદરહું બાબતે અધિક પોલીસ

મહાનિર્દેશકશ્રી, કાયદો અને વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૦૬-૦૧-૨૦૧૧ ના પત્ર નં. જી-૧/ક્રાઈમ/ટે-૧/૫૨૫૫-૬૮/૧૦/૭૨/૨૦૧૧ થી પણ આ પ્રકારનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના થયેલ છે.

સબબ, ઉપરોક્ત વિગતો અને ગુજરાતમાં આતંકવાદી હુમલાની સંભાવના અને ગુપ્તચર સંસ્થાઓ તરફથી અવાર-નવાર મળતી માહિતી અનુસંધાને તેમજ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં આતંકવાદી બનાવો બનતા અટકાવવા જાહેર સલામતી તેમજ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર આવી બનતી ગુન્હાહિત પ્રવૃત્તિઓ અટકાવવી અતિ આવશ્યક હોય તે માટે નીચે મુજબનો હુકમ બહાર પાડવો અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ પોલીસ કમીશ્નરેટ વિસ્તાર સિવાયના સમગ્ર રાજકોટ જિલ્લા/ગ્રામ્ય વિસ્તાર માટે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

(૧) રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં કોઈપણ દુકાનદાર ઈસમ જુના મોબાઈલ ફોનની ગ્રાહક પાસેથી આપ-લે (ખરીદ-વેચાણ) કરે તો જે-તે ગ્રાહકનું પુરેપુરૂં નામ, સરનામું તથા ફોટો આઈ.ડી. પ્રુફ ફરજીયાત મેળવવાનું રહેશે.

(૨) રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં જુના મોબાઈલ ફોનની આપ-લે (ખરીદ-વેચાણ) કરતા દુકાનદારે આ અંગેની જરૂરી માહિતી અંગેના નીચે મુજબના કોલમ મુજબના અલગ-અલગ રજીસ્ટર નીભાવવાના રહેશે અને આ રજીસ્ટરો તપાસનીશ એજન્સી માંગે ત્યારે રજુ કરવાના રહેશે.

(૩) રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં નવા સીમ કાર્ડનું વેચાણ કરતી વેળા નીચે મુજબના કોલમનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સીમ કાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની નકલ મેળવવાની રહેશે.

❖ જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

ક્રમ	મોબાઈલની વિગત/કંપની	IMEI NO.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

❖ જુના મોબાઈલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

ક્રમ	મોબાઈલની વિગત/કંપની	IMEI NO.	મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત	ID પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

❖ નવું સીમ કાર્ડ વેંચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

ક્રમ	સીમકાર્ડની વિગત કંપનીનું નામ	સીમ કાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામું	સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

(૩) ઉપરોક્ત કોલમવાઈઝ રજીસ્ટરો દુકાનદારે ત્રણ વર્ષ સુધી જાળવવાનું રહેશે.

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૪ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૫ માહે એપ્રિલ-૨૦૨૫ નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. જે/એમએજી/ટુ વ્હી./જા.નામુ/ફા.નં. ૨૯/૨૦૨૩.-ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હીમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા માલ-મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ તથા ભુતકાળમાં સુરત શહેરમાં બોમ્બ તથા બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવેલ. જે જોતાં આતંકવાદીઓ/ત્રાસવાદી તત્વોએ મલીન ઈરાદાને અંજામ આપવા સાયકલો તથા ટુ વ્હીલર વાહનોમાં બોંબ રાખી બ્લાસ્ટ કરી કૃત્યોને અંજામ આપેલ છે. તેથી સાયકલો, સ્કુટરો, મોટર સાયકલો તથા

ફોર-વ્હીલર મોટરકાર ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય. તેથી સાયકલ/વાહનો વહેંચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતી તેમજ દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવા પોલીસ અધિક્ષકશ્રીના ઉક્ત પત્રથી અત્રેને દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સુચનો અમલમાં મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો/શોરૂમ ધરાવતા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) સાયકલ, સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો ખરીદનારાઓને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય ત્યાંનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતા તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહન વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન નંબર/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વેચાણકર્તાએ કોઈપણ પોલીસ અધિકારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતિ/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૫, માહે એપ્રિલ-૨૦૨૫ ના રોજ મારી સહી-સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. જે/એમએજી/પરપ્રાંતીય/મજુર/જા.નામુ/ફા.નં. ૨૪/૨૦૨૩.-ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં તથા ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજૂર કે ભાગીયા તરીકે કામ કરતા પરપ્રાંતીય કારીગરો ઉપરોક્ત ગંભીર ગુન્હા પોતે તથા તેમના સાગરીતો દ્વારા આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુનાઓ વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિય તેમના વતનમાં કે કોઈ અન્ય શહેરમાં ગંભીર ગુનાઓ આચરી રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આશરો લેતા હોય છે તેવી હકીકત પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટએ જણાવેલ છે. આવા ઈસમો રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારની સલામતિ અને શાંતી જોખમાય તેવા કૃત્ય કરતા હોય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતિ જાળવવા સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું નીચેની વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટએ વિનંતી કરેલ છે. જે વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જેથી, હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ગુજરાત સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૪-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલિત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગો, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કે ભાગીયા, કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી પત્રક-એ માં સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૧૫માં આપવાની રહેશે.

પત્રક–એ

અ.નં.	પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલિકના મોબાઇલ નંબર તથા ધંધાના સ્થળના ટેલીફોન નં.	કામે રાખેલ કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાનું પુરૂં નામ, ઓળખ ચિન્હ, હાલનું સરનામું તથા મોબાઇલ નં.	કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાના મૂળ વતનનું પુરૂં સરનામું તથા વતનના ટેલીફોન નં.	કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/મજુર/ ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઇલ નં./ટેલીફોન નં.	કર્મચારી/કારીગર/ મજુર/ ભાગીયાને કોના રેફરન્સ/ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂં નામ, સરનામું ટેલીફોન નં./ મોબાઇલ નં.	કર્મચારી/કારીગર/ મજુર/ ભાગીયાના બે થી ત્રણ સગા સબંધિઓના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહિતના તથા ટેલીફોન નં./મોબાઇલ નં.	કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાનો ફોટો	હથીયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

ઉપરોક્ત મુદ્દા નં. ૧ મુજબના બાયોડેટાની સીડી/માહિતિનું રજીસ્ટર તૈયાર કરી માહિતિ/સીડી સબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કરી પહોંચ મેળવી પોતાની પાસે રાખવી.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મુદત :

આ જાહેરનામું તા. ૦૧-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના નોટિસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આજ તા. ૨૫, માહે-એપ્રિલ, સને-૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમ-૨૨ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ક. ૩૭ (૧)/જા. નામુ/મે-૨૫/ફા.નં. ૩૨/૨૦૨૫.-આગામી માહે મે-૨૦૨૫ ના માસ દરમ્યાન જુદા-જુદા ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી થનાર છે તેમજ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં વિવિધ રાજકીય પક્ષો તેમજ સંગઠનો દ્વારા આંદોલનો, રેલીઓ/ધરણા જેવા કાર્યક્રમો આપવામાં આવતા હોય છે. જે ધ્યાને લેતાં આ સમય દરમ્યાન રાજકોટ ગ્રામ્ય, જિલ્લા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૫-૨૦૨૫ થી ૩૧-૦૫-૨૦૨૫ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવની તથા તૈયાર કરવાની, તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૫) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૬) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર, રાજકોટની હકુમત સિવાયનો રાજકોટ ગ્રામ્ય જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) વૃધ્ધો તથા અશક્તો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(૩) સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલ હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૫, માહે એપ્રીલ-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. જે/એમએજી/બોર-કુવા/જા.નામુ/ફા.નં. ૨૩/૨૦૨૩.- લોકો દ્વારા કરવામાં આવતા બોર-કુવામાં પડી જવાથી બાળકોના મૃત્યુ થયાના અનેક કિસ્સાઓ સમાચારપત્રો અને ઈલેકટ્રોનિકસ મીડીયામાં અગાઉ પ્રસિધ્ધ થયેલ છે. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૧૮-૦૭-૨૦૧૨ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ઉકત બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

આવા ગંભીર, માનવ જીંદગી જોખમાવતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સુલેહ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા જરૂરી છે. જેથી રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ સિવાયના વિસ્તારમાં કોઈપણ પ્રકારની સુલેહ-શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતિ તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે મુજબનો પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ફરમાવું છું.

કૃત્યો :

(૧) રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં ખેતીના ઉપયોગ માટે તથા અન્ય હેતુ માટે લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે છે અને અનાયાસે આ બોરકુવા ફેઈલ થઈ જતાં તે બંધ કર્યા સિવાય જે-તે અવસ્થામાં માલીકો દ્વારા છોડી દેવામાં આવે છે તેવા બોરકુવા તાત્કાલીક અસરથી જે-તે માલીકોએ પુરાણ કરી બંધ કરી દેવાના રહેશે.

(૨) જે બોરકુવા હાલ બીનજરૂરી (બીનવપરાશ) હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેવા ખુલ્લા રાખેલ બોરકુવાને અકસ્માત થતો અટકાવવા બોરકેપ નટ-બોલ્ટ સહિતના ફરજીયાત લગાવી ઢાંકી દેવાના રહેશે.

સમયમર્યાદા :

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૫, માહે એપ્રીલ-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. : જે/એમએજી/બીનવારસી વસ્તુ/પ્રતિબંધ/ફા.નં.૨૬/૨૦૨૩.-ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને ધ્યાનમાં લેતાં જાહેર જગ્યાઓ પર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ-વ્હીલર પર ટીફીન બોકસ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં વધારે પ્રમાણમાં લોકોની અવર-જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવે છે. જે બનાવોને ધ્યાનમાં લેતા રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ પર ટીફીન બોકસ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ કે ટુ-વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ રાખવા પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટની હકુમત સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર રસ્તા/રોડ, ફુટપાથ, શેરી/ગલી પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ-વહીલર, ફોર-વ્હીલર વાહનો બીનવારસી મુકવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત સમય :

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ નાં કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૫, માહે એપ્રીલ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. જે/એમએજી/મકાન/ઔદ્યો.એકમ/ભાડુ/જા.નામું./ફા.નં. ૨૭/૨૦૨૩.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો મુજબ ત્રાસવાદીઓ, અસામાજીક તત્વો ભાડે મકાન રાખી, આશરો મેળવી જાહેર જનતાની સલામતિ અને શાંતિનો ભંગ કરી માનવ જીંદગીની ખુવારી થાય, જાન-માલ અને રાષ્ટ્રીય સંપત્તિને નુકશાન થાય તેવા કૃત્યો કરતા હોય છે. જેથી દેશની સુરક્ષાના હિતમાં મકાન ભાડે આપતા માલિકો, ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ મકાનો ઉપર નિયંત્રણ મુકી શકાય તેમજ ભાડુઆતની ઓળખની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન અને તપાસનીશ અધિકારીને મળી રહે તે જરૂરી છે. જેથી રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં કોઈ મકાન કે ઔદ્યોગિક એકમ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા વગર કોઈ મકાન કે ઔદ્યોગિક એકમ ભાડે ન આપી શકાય તેમજ તે રીતે ભાડે આપેલ મકાન, ઔદ્યોગિક એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી આ નીચે દર્શાવેલ ફોર્મમાં ભરી, આ નીચે દર્શાવેલ શરતોનું પાલન કરી આ ફોર્મ જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે પહોંચાડવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટએ વિનંતી કરેલ છે.

ભિલ્કત ભાડે આપવા અંગે પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ
રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં મકાન કે ઔદ્યોગીક એકમ ભાડે આપેલ હોય તેની વિગત (મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફિસ/ઔદ્યોગીક એકમ/ગોડાઉન/ શેડ/ પ્લોટ વગેરે ભિલ્કત)
પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, ... પોલીસ સ્ટેશન, રાજકોટ ગ્રામ્ય તા. / /૨૦
મકાન માલિક કે ઔદ્યોગીક એકમનું નામ : શ્રી/શ્રીમતિ .....
જન્મ તારીખ ..... ઉંમર ..... વર્ષ ..... સરનામુ : ....

ફોન નં. (ઘર) ..... (ઓફીસ) ..... (મોબાઈલ નં.) .....
ભાડુઆતનો ફોન નં. (ઘર) ..... (ઓફીસ) ..... (મોબાઈલ નં.) .....
મિલ્કત કેટલા સમય માટે ભાડે આપેલ છે ? તે સમયગાળો :
ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું) : ....
ભાડુઆતના વતનનો ફોન નં. (ઘર) ..... (ઓફિસ) ..... (મોબાઈલ નં.) .....
ભાડુઆતનો ધંધો/નોકરી/વ્યવસાયનું સરનામું : ....
માસિક ભાડાની રકમ રૂા. ..... /- ડિપોઝીટ રૂા. ..... /-
એજન્ટનું નામ શ્રી/શ્રીમતિ .....
એજન્ટનું સરનામું : ....
ફોન નં. (ઘર) ..... (ઓફીસ).....(મોબાઈલ નં.).....
ભાડુઆતના સ્થાનિક સંબંધિની વિગત અને સરનામું .....
(૧)
ફોન નં. (ઘર) ..... (ઓફીસ).....(મોબાઈલ નં.).....
(૨)
ફોન નં. (ઘર) ..... (ઓફીસ).....(મોબાઈલ નં.).....

ભાડુઆતનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	મકાન કે ઔદ્યોગીક એકમના માલિકનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો	સાક્ષીનું નામ, સરનામું અને સહી	પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીની સહી તથા સિક્કો
ભાડુઆતની સહી :	ઔદ્યોગીક એકમ માલિકની સહી :	મકાન માલીકની સહી :	

શરતો :

- ઉક્ત ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાના રહેશે.
- ઉક્ત ફોર્મ મકાન માલિક અને ભાડુઆતે સંપુર્ણ રીતે ભરીને જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.
- ઉક્ત ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે બંને પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ ફોર્મની એક નકલ પોલીસ સ્ટેશનમાંથી સહી-સિક્કા કરી પરત આપે તે મકાન માલિક કે એકમ માલિકે સાચવી રાખવાની રહેશે.
- સિંગલ યુવક કે યુવતિને મિલ્કત ભાડે આપવાની થાય ત્યારે તેના વાલીનું સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે સંમતિપત્ર આ સહ સામેલ કરવાનું રહેશે.
- ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાનો રહેશે.
- જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાના રહેશે. તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.
- આ ફોર્મ સાથે રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.
- મિલ્કત ખાલી કરવામાં આવે ત્યારે લેખીતમાં પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે.
- મકાન માલિક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ રજુ કરવાનું રહેશે.

ઉક્ત વિગતો ધ્યાને લઈ કાયદો-વ્યવસ્થા અને જાહેર સુલેહ-શાંતિ, તેમજ જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે હેતુથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રુએ રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં મકાન કે ઔદ્યોગિક એકમ ભાડે આપતી વેળા ઉપર મુજબના ફોર્મમાં તમામ વિગતો ભરી જે-તે પોલીસ સ્ટેશનમાં રજુ કરવા તેમજ ઉપર દર્શાવેલ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા ફરમાવું છું.

મુદ્દત :

આ હુકમ તા. ૦૧-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થઈ શકશે.

તમામને વ્યકિતગત રીતે આ જાહેરનામાની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. આથી હું, એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં ઉક્ત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૫ માહે, એપ્રીલ-૨૦૨૫ નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. જે/એમએજી/ડ્રોન/જાહેરનામુ/ફા.નં.૩૧/૨૦૨૩.-રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ વાઈટલ ઈનસ્ટોલેશન, વી.વી.આઈ.પી. રહેણાક તેમજ અગત્યની સરકારી કચેરીઓ તેમજ અન્ય પ્રતિબંધીત એરીયા વિગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી રાજકોટ ગ્રામ્ય પોલીસની છે. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક VI-23014/209/IND2018-VS. Dt. 26-02-2020 માં જણાવ્યા મુજબ વાઈટલ એરીયા, સેન્સેટીવ એરીયાને ''નો ડ્રોન ઝોન'' એરીયા જાહેર કરવા માટે સુચનાઓ કરવામાં આવેલ છે. તેમજ આ બાબતે ભારત સરકાર તરફથી તા. ૧૦-૦૫-૨૦૧૯ ના રોજ એસ.ઓ.પી. બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લઈ ''UAV(Unmanned Aerial Vehicle)'' કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લાગેડલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ, એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈનો રાજકોટ ગ્રામ્ય વિસ્તારની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય તેમ ન હોય તેમજ થોડા સમય પહેલા જમ્મુ-કાશ્મીરમાં ડ્રોન હુમલાના બનાવ બનેલ હોય આ પ્રકારના સંસાધનોથી રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે.

વાસ્તે હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ઉપરોકત દર્શાવેલ કલમમાં મળેલ સત્તા હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ અમુક સરકારી કચેરીઓ/સબ સ્ટેશનો, મંદીર, મસ્જીદ, બજાર, ડેમ/ડેમ સાઈટ, પુલ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર ''UAV(Unmanned Aerial Vehicle)'' કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લાગેડલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ, એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવુ છું.

Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
1	400 K.V. Sub Station (GETCO)	Near Dhareshwar Rajkot National Highway Navagadh, Jetpur 360375	Red	2 KMs Area
2	Jalaram Temple	Near chamunda chowk Virpur village Ta-Jetpur, Dist-Rajkot 360380	Red	1 KMs Area
3	Kagvad Khodaldham Temple	Kagvad village Ta-Jetpur dist Rajkot Gujarat 360380	Red	2 KMs Area
4	Chhaparvadi Dam-2	Near Jetpur Village Ta-Jetpur Dist.-Rajkot Gujarat	Yellow	1 KMs Area
5	66 KV Sub Station (PGVCL)	Bhadla Ta-Jasadan Dist-Rajkot 360025	Red	2 KMs Area
6	66 KV Sub Station (PGVCL)	Kamlapur Ta-Jasadan Dist-Rajkot 360025	Red	2 KMs Area
7	66 KV Sub Station (PGVCL)	Barvala Ta-Jasadan Dist-Rajkot 360025	Red	2 KMs Area
8	66 KV Sub Station (GETCO)	Bhandariya Ta-Jasadan Dist-Rajkot 360025	Red	2 KMs Area
9	Adhiya Dem	Adhiya Village Ta-Jasdan 360025	Yellow	2 KMs Area
10	Raningpar Dem	Raningpar Village Ta-Jasdan 360025	Yellow	2 KMs Area

Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
11	Shri Geli Ambe Temple (Crowded Place in Festival)	Bhadla Village Ta-Jasdan Dist-Rajkot360025	Yellow	1 KMs Area
12	Kananath Mahadev Temple	Kanesara Village Ta-Jasdan Dist-Rajkot360025	Yellow	2 KMs Area
13	132 K. V. Sub Station (GETCO)	Near Arani Road, Bhayavadar Ta. Upleta Pin-360450	Red	1 KMs Area
14	220 K. V. Sub Station (GETCO)	Near Sidasar Road, Moti Paneli Village Ta. Upaleta Pin-360480	Red	1 KMs Area
15	66 K. V. Sub Station (GETCO)	Near Matra Pir Temple, Kharachiya Village, Ta. Upaleta Pin-360470	Red	500 MTR area
16	66 K. V. Sub Station (GETCO)	Near Ramapir Temple, Khirasar Road, Arani Village, Pin-360450	Red	500 MTR area
17	Moj Dam	Near Mojira Village, Ta. Upleta Pin-360450	Yellow	3 KMS area
18	Venu-2 Dam	Near Gatatri Temple, Gadhetad Village, Ta. Upleta Pin-360460	Yellow	3 KMS area
19	Fulzar Dam	Near Mandasam Road, Moti Paneli Village, Ta. Upleta Pin-360480	Yellow	3 KMS area
20	All India Radio Station	Rajkot-Jamnagar High way Road, Near Chawki Dhani Hotel, Targhadi Ta. Paddhari, Dist.-Rajkot	Yellow	1.5 KMs Area
21	220 K. V. Sub Station (GETCO)	Nyara-Dadala Sub Station Rajkot-Jamnagar Highway, Nyara Village Ta. Padadhari 360110	Yellow	1 KMs Area
22	SCA Cricket Stadium	Rajkot-Jamnagar Highway, Khandheri Village Ta-Paddhari	Red	1 KMs Area
23	Nyari-2 Dam	Rangapar Village, Ta.-Padadhari	Yellow	6 KMs Area
24	Aji-3 Dam	Khajuradi-Khakhadabela Village, Ta.-Padadhari-360110.	Yellow	6 KMs Area
25	IOC Oil Pipe Line	Near Bypass Road, Padadhari	Yellow	1 KMs Area
26	Water Pumping Station	Rajkot-Jamnagar Highway, Nyara Village Ta.-Padadhari-360110.	Yellow	1 KMs Area
27	66 K. V. Sub Station (GETCO)	Near Santhili Village, ta.-Jasdan-365490	Red	2 KMs Area
28	66 K. V. Sub Station (GETCO)	Near Pratap Pur Village, Ta.-Jasdan-365490	Red	2 KMs Area
29	66 K. V. Sub Station (GETCO)	Near Atkot Village, Ta.-Jasdan-360060	Red	2 KMs Area
30	66 K. V. Sub Station (GETCO)	Near Baldhoi Village, Ta.-Jasdan-360060	Red	2 KMs Area
31	66 K. V. Sub Station (GETCO)	Near Jivapar Village, Ta.-Jasdan-360060	Red	2 KMs Area
32	66 K. V. Sub Station (GETCO)	Near Mota Dada Village, Ta.-Gondal	Red	2 KMs Area
33	66 K. V. Sub Station (GETCO)	Near Iswariya Village, Ta.-Jasdan.	Yellow	1 KMs Area

Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
34	66 K. V. Sub Station (GETCO)	Padvala Main Road, Shapar Veraval Ta.-Kot-dasanghani	Red	1 KMs Area
35	66 K. V. Sub Station (GETCO)	Behind P. S. Plywood, Shapar Veraval Ta.-Kotdasanghani	Red	1 KMs Area
36	66 K. V. Sub Station (GETCO)	Behind Khodiyar Hotel, Kangasiyali Village	Red	1 KMs Area
37	Main Bazar	Veraval Main Road, Shapar Veraval Ta.-Kot-dasanghani	Yellow	1 KMs Area
38	Ramapir Temple	At-Dholara Village, Ta.-Lodhika	Yellow	1 KMs Area
39	Bridge	Near vagudad patiya Rajkot kalavad state Highway, Vagudad-Lodhika-360021	Yellow	1 KMs Area
40	Ufresh dairy	Gate no. 1 Metoda Gidc metoda Ta. Lodhi-ka-360021	Yellow	1 KMs Area
41	Nyari Dam	Near Vagudad Village, Ta.-Lodhika-360021	Yellow	1 KMs Area
42	Bhadar Dam-1	Near Lilakha Village Ta. Gondal	Red	4 KMs Area
43	66 K. V. Sub Station (GETCO)	Anida Bhalodi, Vejagam Road, Ta. Gondal	Red	1 KMs Area
45	66 K. V. Sub Station (GETCO)	Lilakha Village, Sultanpur Road, Ta. Gondal, Dist. Rajkot	Red	1 KMs Area
46	66 K. V. Sub Station (GETCO)	Vasavad Village, Main Road Ta. Gondal Dist. Rajkot	Red	1 KMs Area
47	66 K. V. Sub Station (GETCO)	Sadak Pipliya Village, Near Bharudi Tall Plaza Ta. Gondal	Red	1 KMs Area
48	66 K. V. Sub Station (GETCO)	Nani Vavadi Road, Village Supedi Ta. Dhoraji	Red	1 KMs Area
49	66 K. V. Sub Station (GETCO)	Near Moti Parabadi Vilage, Ta.-Dhoraji	Red	KMs Area
50	Lalsa Bawa ni Dargah	Near Shak Market Chawk, Dhoraji	Yellow	1 KMs Area
51	Bhadar Bridge	Upleta National High way Road, Dhoraji	Yellow	1 KMs Area
52	Bhadar Dam	Near Upleta National High way Road, Dhoraji	Yellow	2 KMs Area
53	Sub Jail	Near Dhoraji Police Station, Dhoraji	Red	1 KMs Area
54	Swaminarayan Temple	Fareni Village, Ta. Dhoraji	Yellow	1 KMs Area
55	Swaminarayan Temple	Near Junagadh Road Railway fatak, Dhoraji	Yellow	1 KMs Area
56	Haveli Bazar	Near Darabar Gadh, Dhoraji	Yellow	1 KMs Area
57	Dhoraji Power House	Near Nabhiraj Society Dhoraji	Yellow	1 KMs Area
58	66 K. V. Sub Station (GETCO)	Near Rupavati Village, Ta.-Vinchhiya	Red	1 KMs Area
59	66 K. V. Sub Station (GETCO)	Near Snaali Villae, Ta.-Vinchhiya	Red	1 KMs Area
60	66 K. V. Sub Station (GETCO)	Near Hathsani Village, Ta.-Vinchhiya	Red	1 KMs Area
61	66 K. V. Sub Station (GETCO)	Near Bandhani Village, Ta.-Vinchhiya	Red	1 KMs Area
62	Water Treatment Plants	Near Moduka Villae, Ta. Jasdan	Yellow	1 KMs Area

Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
63	132 K. V. Sub Station (GETCO)	Aatkot Road, Jasdan Dist. Rajkot-360050	Red	1 KMs Area
64	Bridge of Bhadar River	National Highway Road, Near Nav-agadh-Jetpur Dist.-Rajkot	Yellow	700 KMs Area
65	Bus Station	Junagadh Road, Jetpur.	Yellow	1 KMs Area
66	Swaminaran Temple	M. G. Road, Jetpur	Yellow	1 KMs Area
67	Sub Jail	Khodpara, Jetpur	Red	500 MTR Area
68	66 K. V. Sub Station (GETCO)	Dhoraji Road, Jetpur	Red	1 KMs Area
69	66 K. V. Sub Station (GETCO)	Bhojadhar, Khirasara Rod, Jetpur	Red	KMs Area
70	Filter Plant	Khirasara Road, Jetpur	Yellow	1 KMs Area
71	Food Godown	Navagadh, Jetpur	Yellow	1 KMs Area
72	66 K. V. Sub Station (GETCO)	Near Kalavad Road, Jamkandorna-360405	Red	1 KMs Area
73	66 K. V. Sub Station (GETCO)	Near Satodad Village Ta. Jamkandorana	Red	1 KMs Area
74	66 K. V. Sub Station (GETCO)	Near Sanala Raydi Road, Ta. Jamkandorana	Red	1 KMs Area
75	66 K. V. Sub Station (GETCO)	Near Rangpar Village Ta. Jamkandorana	Red	1 KMs Area
76	66 K. V. Sub Station (GETCO)	Near Chitravad Village Ta. Jamkandorana	Red	1 KMs Area
77	66 K. V. Sub Station (GETCO)	Near Raydi, Dhoraji Road, Ta. Jamkandorana	Red	1 KMs Area
78	66 K. V. Sub Station (GETCO)	Near Khajurada Village Balapar Road, Ta. Jamkandorana	Red	1 KMs Area
79	66 K. V. Sub Station (GETCO)	Near Gundasari Road, Ta. Jamkandorana	Red	1 KMs Area
80	Fofal Dam	Near Mota Dhudhivadar Village Ta. Jamkandorana	Yellow	1 KMs Area
81	66 K. V. Sub Station (GETCO)	Bagasara Road, Devakigalol Ta.-Jetpur	Red	1 KMs Area
82	66 K. V. Sub Station (GETCO)	Vidiya Road, Amaraparl Village Ta.-Jetpur	Red	1 KMs Area
83	66 K. V. Sub Station (GETCO)	Pachpipala Village Ta.-Jetpur	Red	1 KMs Area
84	66 K. V. Sub Station (GETCO)	Arabtimadi Village Ta.-Jetpur	Red	1 KMs Area
85	66 K. V. Sub Station (GETCO)	Jetalsar Gam Village, Ta.-Jetpur	Red	1 KMs Area
86	66 K. V. Sub Station (GETCO)	Mandalikpur Village Ta.-Jetpur	Red	1 KMs Area
87	Railway Station	Jetalsar Junction Vilage Ta.-Jetpur	Yellow	1 KMs Area
88	Pumping Station	Near Amarnagar Village Ta.-Jetpur	Yellow	500 MTR area
89	Bus Station	Gudala Road Gondal-360311	Yellow	500 MTR area

Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
90	Railway Station	Station Plot Gondal-360311	Yellow	1 KMs Area
91	Swaminarayan Temple B.A.P.S.	Opp. Yoginagar, Ashapura Road, Gondal-360311	Yellow	2 KMs Area
92	Sub Jail	Vora Kotda Road, Gondal-360311	Red	2 KMs Area
93	SRP Group 8 Gondal	Kotada Sangani Road, Gondal-360311	Yellow	4 KMs Area
94	220 K. V. Sub Station (GETCO)	Jetpur Road, Gondal Dist.-Rajkot	Red	1.5 KMs Area
95	Sureshwar Dem	Near Suresh Mahadev Temple, Veri Talav Gondal-360311	Yellow	5 KMs Area
96	Ashapura Filter Plant	Near Ashapura Tempal Gondal-360311	Yellow	0.50 KMs Area
97	66 K. V. Sub Station (GETCO)	Ribada Road, Kotda Sangani	Red	1 KMs Area
98	66 K. V. Sub Station (GETCO)	Near Hadmtala Village Ta-Kotda Sangani	Red	1 KMs Area
99	66 K. V. Sub Station (GETCO)	Near Satapa Village Ta-Kotda Sangani	Red	1 KMs Area
100	66 K. V. Sub Station (GETCO)	Near Ramod Village, Ta-Kotda Sangani	Red	1 KMs Area
101	Karmal Dam	Near Vadipara Village Ta-Kotda Sangani	Yellow	1 KMs Area
102	Bus Station	Upleta Kolki Road	Yellow	1 KMs Area
102	Sub Jail	Darbargadh, Upleta	Red	1 KMs Area
103	Matrimataji Temple	Patanvav Osam Dungar	Yellow	1 KMs Area
104	Wild Life Sanctuary	Jasdan-Ahamdavad Highway Road, Hingol-gadh Village, Ta.-Vinchhiya	Red	7 KMs Area
105	Wireless & Microwave Station Ribada	Ribada Railway Station Ta. Gondal	Yellow	100 mtr Distance Form Perimeter
106	Bhadar River Bridge Between Navagam & Virpur	Navagadh Ta. Jetpur	Yellow	50 mtr Distance Form Both the sides and ends
107	Wireless & Microwave Station	At-Jetalsar Railway Station, Ta. Jetpur	Yellow	100 mtr Distance Form Perimeter
108	Fuel Point Station Jetalsar	At-Jetalsar Railway Station, Ta. Jetpur	Yellow	100 mtr Distance Form Perimeter

અપવાદ :

સરકારી વિભાગો, પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના ઉપરોકત સંસાધનોને આ જાહેરનામામાંથી મુકિત આવપામાં આવે છે. જુદા-જુદા કારણોસર ડ્રોનથી શુટીંગ કરવાની પરવાનગી પોલીસ અધિક્ષકશ્રી કે તેઓ દ્વારા અધિકૃત પોલીસ સબ ઈન્સપેકટરથી નીચેની રેન્કના ન હોય તેવા પોલીસ અધિકારી આપી શકશે.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી એ.એસ.આઈ. સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સમયગાળો :

આ જાહેરનામુ તા. ૦૧-૦૫-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના નોટીસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી તેમજ સરકારી ગેઝેટમાં પ્રકાશીત કરાવી પ્રસિધ્ધી કરવામાં આવશે.

આજ તારીખ ૨૫, માહે એપ્રીલ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૨૫ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

જાહેરનામુ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૧.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. આ ચુંટણી દરમ્યાન સમગ્ર રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્રના રાજકોટ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચુંટણી પ્રકિયા જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી અને ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ મુજબ નીચે મુજબના પલગાં લેવા પુરતા કારણો છે.

જેથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે, સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવુ નહી. તેમજ ચૂંટણી વિષયક સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચનો હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

અપવાદ :

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૪) કોઈ સ્મશાનયાત્રાને.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ ચૂંટણી પ્રકિયા પૂર્ણ થવાની તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેમજ સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશરનશ્રી, રાજકોટ શહેરના વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

જાહેરનામુ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૨.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ, ઉમેદવારો, રાજકીય પક્ષો તરફથી ઉમેદવારોની ઓળખ તેમજ અન્ય બાબતોએ વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે. તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યક્તિ સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વેગેરેના મુદ્રણ અને પ્રકાશન ઉપર નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

ઉપરકોત જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બી) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ કલેકટર કચેરી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી શાખાને તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય.

(સી) આ જોગવાઈ પુરતું હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

(૩) છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

(૪) મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર કલેકટર કચેરી, સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી શાખા તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેમજ રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધી કરવી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

જાહેરનામુ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૩.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. કાયદાથી થયેલ જોગવાઈ મુજબ મતદાન પુર્ણ થવા માટે નિયત કરેલ સમય પુરા થતાં ૪૮ કલાકની મુદત દરમિયાન જાહેર સભાઓ અને ચૂંટણી પ્રચાર પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તેથી મતદાન પુરું થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવોવ જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર વિસ્તારના કાર્યક્ષેત્રના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારમાં મતદાન પુરું થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૬-૦૦ કલાકથી નીચે મુજબ અમલવારી કરવા આદેશ ફરમાવું છું.

કૃત્યો :

(૧) કોઈપણ વ્યકિત

(એ) ચૂંટણી સબંધમાં કોઈ જાહેરસભા બોલાવશે નહીં, યોજશે નહીં, સંબોધન કરશે નહીં કે સરઘસ કાઢશે નહીં કે તેવી સભામાં હાજરી આપશે નહી.

(બી) સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલ.ઈ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદિર્શિત કરશે નહીં.

(સી) મતદાન વિસ્તારમાં જાહર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીએટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ કે સમુહભોજન યોજીને કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં. કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃતિ કરશે નહીં.

આ હુકમની સમગ્ર જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

જાહેરનામુ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૪.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. મતદાન પુરું થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ છે. જે મુજબ સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લા તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના કાર્યક્ષેત્રના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારમાં તા. ૨૦-૦૬-૨૦૨૫ ના ૬-૦૦ વાગ્યા સુધીમાં મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે. ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થાય તે પછી સબંધિત મતદાર વિભાગના મતદાર ન હોય તેવા રાજકીય પદાધિકારીઓએ મત વિસ્તાર છોડી દેવાનો રહે છે.

જિલ્લામાં ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય, લોકો કોઈપણ પ્રકારના ભય કે શેહશરમ વિગર મતદાન કરી શકે અને ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ ઉક્ત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ સકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર વિસ્તારના રાજકોટ તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૬-૦૦ વાગ્યાથી નીચે મુજબ અમલવારી કરવા ફરમાવું છું.

કૃત્યો :

(૧) ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન સમગ્ર રાજકોટ ગ્રામ્ય તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર વિસ્તારના રાજકોટ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બહારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓ મતદાર વિભાગની બહારથી આવેલ હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી એટલે કે તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૬-૦૦ વાગ્યા પહેલા તાત્કાલીક ધોરણે ઉકત વિસ્તાર છોડી જતા રહેવું.

(૨) આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા પોલીસતંત્ર તથા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ સાર્વજનીક સભા ખંડો, હોટલ, રેસ્ટોરન્ટ, વીશી અને અતીથીગૃહોની ઘનિષ્ટ તપાસણી કરવી તથા મતદાર વિભાગની હદમાં તપાસ નાકા ઉભા કરવા અને બહારથી આવતા વાહનોની અવર-જવર પર દેખરેખ અને તપાસ રાખી, ચૂંટણી પ્રચાર અર્થે બહારથી આવેલ કોઈ લોકો મતદાર વિભાગમાં રોકાયેલ નહીં હોવાની ખાતરી કરવી.

(૩) રાજકીય પક્ષના રાજ્ય કક્ષાના ઈનચાર્જ પદાધિકારીઓએ રાજ્યના હેડ કવાર્ટરમાં રોકાવાના હોય તે સ્થળ જાહેર કરવાનું રહેશે તથા સામાન્ય રીતે રહેઠાણ અને પક્ષના કાર્યાલય વચ્ચે આવક-જાવક કરી શકશે.

આ હુકમની સમગ્ર જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

જાહેરનામુ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૫.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણીઓ નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે માટે ચૂંટણી પંચ તરફથી વખતો-વખતની સૂચનાઓ સ્પષ્ટતાઓ ધ્યાને લઈ પ્રસ્તુત ચૂંટણી અનુસંધાને અનુસરવાની આદર્શ આચારસંહિતાની સુચનાઓ થઈ આવેલ છે. જે પૈકી સરકારી, અર્ધસરકારી, પંચાયતના વિશ્રામગૃહ ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગ પર નિયંત્રણો મુકવામાં આવેલ છે.

જેથી ચૂંટણી પંચ તરફથી આપવામાં આવેલ આચારસંહિતા બાબતની ઉક્ત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મજુબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(૧) સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જીલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી આરામગૃહો, ડાકબંગલાઓ, વિશ્રામગૃહો તથા સરકારી રહેણાંકનો તેની સાથે જોડાયેલ આંગણ, કમ્પાઉન્ડ સહિત કોઈ રાજકીય પક્ષના હોદેદારો, ચૂંટણી લડતા ઉમેદવારો તેમના ચૂંટણી એજન્ટોએ રાજકીય હેતુસર કે ચૂંટણી વિષયક કે ચૂંટણી પ્રચાર-પ્રસારના હેતુસર ઉપયોગ કરવા પર.

(૨) વિશ્રામગૃહ, અતિથિગૃહ, ડાકબંગલાના સ્થળે રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજવા પર.

(૩) આવા આવાસના કમ્પાઉન્ડમાં રાજકીય ચૂંટણી હેતુ માટે ઉપયોગમાં લેવાના વાહનો પાર્કીંગ કરવા પર.

(૪) ચૂંટણી પ્રચાર હેતુ માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂં થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવા પર પરંતુ જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની કે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલ હોય તેમને વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે સિવાય કે આવો રૂમ ચૂંટણી ફરજ પર નિમાયેલ અધિકારી/નિરિક્ષકને અગાઉથી ફાળવવામાં આવેલ ન હોય. પરંતુ આવી ઝેડ સ્કેલની સીકયુરીટી ધરાવતા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહે તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરવા પર.

આ હુકમની સમગ્ર જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

વિષય : ગ્રામ પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૨૫
દારૂ તથા નશાયુક્ત પદાર્થોના વેંચાણ પર પ્રતિબંધ મુકવા બાબત

હુકમ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૬.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. ચૂંટણી પંચની સ્થાયી સુચનાઓ અનુસાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(સી) હેઠળ ચૂંટણી દરમિયાન મતદારોને નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ તથા નશાકારક ચીજોના વેંચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આજુબાજુના વિસ્તારોમાંથી પણ એક સ્થળેથી બીજા સ્થળે દારૂની ચોરી છુપીથી ગેરકાયદેસર હેરાફેરી ન થઈ શકે તે માટે જરૂરી પગલા ભરવાના રહે છે. તેમજ મત ગણતરીના દિવસે પણ ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવા સુચનાઓ અપાયેલ છે. જેથી મુંબઈ નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, **એ. કે. ગૌતમ, અધિક કલેકટર અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જીલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારમાં નીચે મુજબના દિવસોને ''ડ્રાય ડે'' જાહેર કરવાનો આથી હુકમ કરૂં છું.

(૧) મતદાનનો સમય પુરો થવાના કલાકની સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકના સમય એટલે કે, તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૬-૦૦ કલાક થી તા. ૨૨-૦૬-૨૦૨૫ સાંજના ૬-૦૦ કલાક સુધી.

(૨) જો પુનઃ મતદાનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તા. ૨૨-૦૬-૨૦૨૫ ના સાંજના ૬-૦૦ કલાક થી તા. ૨૪-૦૫-૨૦૨૫ સાંજના ૬-૦૦ કલાક સુધી.

(૩) મતગણતરીનો દિવસ એટલે કે, તા. ૨૫-૦૬-૨૦૨૫ નો દિવસ (આખો દિવસ)

ઉપર્યુક્ત ''ડ્રાય ડે''ના દિવસોએ જણાવેલ સમય દરમિયાન તમામ વિદેશી દારૂની દુકાનો (એફ.એલ. ૧ અને એફ.એલ. ૨ પરવાનેદાર) તેમજ પોષ ડોડવાનું વેંચાણ કરતી દુકાનો (પોપી-૨ એએ અને પોપી-૨ પરવાનેદાર)એ ઉપર્યુક્ત દિવસોએ દારૂ કે પોષ ડોડવા વહેંચવા નહીં. તેમજ વાઈન શોપ અને પોક્ષ ડોડવાના પરવાનેદારોએ આ દિવસો દરમિયાન તેમની દારૂ વેંચાણ તેમજ પોષ ડોડવા વેંચાણ માટેની દુકાનો બંધ રાખવી.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

જાહેરનામુ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૭.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. મતદાનની આ પ્રક્રિયા દરમ્યાન મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાનની કાર્યવાહી દરમ્યાન તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહીં તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ,** સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારને તા. ૨૨-૦૬-૨૦૨૫ ના કલાક ૭-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી આ હુકમથી નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

કૃત્યો :

(૧) ચૂંટણી માટેના ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે અન્ય કોઈપણ વ્યકિત મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી માટે બુથ ઉભા કરી શકશે નહીં.

(૨) કોઈપણ વ્યકિત મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

અપવાદ :

આ હુકમના ખં-૨ માંથી નીચે જણાવેલ વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવે છે.

(૧) ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે તે તમામ

(૨) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં તથા રાજકોટ ગ્રામ્ય તાલુકાના સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨મા) ની કલમ-૩૬(૧)(ઘ) મુજબનો

હુકમ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૮.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. જેથી મતદાન મથકો પર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો પર તથા તેની નજીકના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ અડચણ થતી અટકાવવા તથા કાયદો-વ્યવસ્થા જાળવવા પગલા લેવા જરૂરી છે.

સબબ હું, **એ.કે.ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ,** ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨મા) ની કલમ-૩૬(ગ) અને (ઘ) થી મળેલ અધિકારની રૂઈએ ફરમાવુ છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં લાઈન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તા. ૨૨-૦૬-૨૦૨૫ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૪ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની શિક્ષાને પાત્ર થશે. આ હુકમ સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લા તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારને લાગુ પડશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૯.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. મતદાનની આ પ્રક્રિયા દરમ્યાન મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાનની કાર્યવાહી દરમ્યાન તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહી તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ,** સમગ્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લો તથા પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરના વિસ્તારના રાજકોટ ગ્રામ્ય તાલુકા વિસ્તારને તા. ૨૫-૦૬-૨૦૨૫ ના સવારના ૦૭-૦૦ કલાક થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી આ હુકમથી નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

કૃત્યો :

કોઈપણ વ્યકિત મત ગણતરી કેન્દ્ર માટે નિયુકત થયેલ સ્થળે કોઈ પણ પ્રકારનું હથીયાર, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

અપવાદ :

આ હુકમના ખંડ-૨ માંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે તે તમામ.

(૨) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં તથા રાજકોટ ગ્રામ્ય તાલુકાના સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૧૦.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ રાજ્યમાં ગ્રામ પંચાયતની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવેલ છે. ચુંટણી પંચે આપેલ ચુંટણી કાર્યક્રમ મુજબ ચુંટણી માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની તા. ૦૨-૦૬-૨૦૨૫ તથા મતદાન યોજવા માટેની તા. ૨૨-૦૬-૨૦૨૫ અને મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ઠરાવવામાં આવેલ છે. આ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, જાહેર સુલેહ શાંતી યોગ્ય રીતે જળવાય અને મુકત ન્યાયી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે હેતુથી ચૂંટણી પંચે વિવિધ ઉપાયાત્મક પગલાઓ લેવા સુચના કરેલ છે.

ચૂંટણી સમય દરમ્યાન હિંસક બનાવો ન બને કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહેલી હોય જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં હથીયારો સાથે હરવા ફરવા પર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે. ઉકત વિસ્તારમાં બહારથી જે લોકોએ હથીયાર પરવાના મેળવેલ હોય તેવા હથીયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ ઉકત ગ્રામ પંચાયત વિસ્તારમાં ન કરી શકે તે માટે જાહેરમાં પ્રદર્શિત કરવા તેમજ હેરાફેરી કરવા ઉપર પ્રતિબંધ તાત્કાલીક મુકવો જરૂરી જણાય છે.

સબબ, હું **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી દરમ્યાન કોઈપણ પ્રકારની શાંતીનો ભંગ ન થાય જાહેર સલામતી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હુકમ કરૂ છું કે,

(૧) ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં કોઈપણ સક્ષમ અધિકારીએ આપેલ લાયસન્સવાળા હથિયારો તથા ઉપર દર્શાવેલા પ્રકારના કોઈપણ હથીયાર જાહેરમાં પ્રદર્શિત કરવા ઉપર તેમજ હેરાફેરી કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૨) ઉપરાંત સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ પણ હથીયાર ધારણ કરવું નહી અથવા હથીયાર સાથે જાહેરમાં ફરવું નહી.

(૩) આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ વ્યકિતગત હથીયાર પરવાના હેઠળના આત્મરક્ષણ તથા પાકરક્ષણના તમામ હથીયારો તાત્કાલિક અસરથી જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા. સંબંધીત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથીયાર તા. ૨૭-૦૬-૨૦૨૫ પછી તરત જ પરત કરવાનું રહેશે અને તેમના માટે અલગ હુકમની જરૂરીયાત રહેશે નહીં. જે હથીયાર પરવાના રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજુ કરેલ હોય તેવા હથીયાર પરવાના હેઠળના હથીયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુઅલ અરજી રજુ કર્યાની આ કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાનાં રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

(૪) આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથીયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સલામત અને સુરક્ષીત રાખવાના રહેશે અને જમા લીધેલ હથીયારની પહોંચ આપવાની રહેશે તથા ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થાય બાદ પરવાનેદારને તેનું હથીયાર પરત સોંપવાનું રહેશે.

(૫) આ જાહેરનામું રાજકોટ ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(અ) સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાના નામે જે હથીયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે, તેમને હથીયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ., કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા તેમજ જવેલર્સના શોરૂમ પર ફરજ બજાવતા હથીયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથીયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ સંબંધીત સંસ્થાનું સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથીયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

(ડ) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, રાજકોટ તેમજ પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરએ ખાસ પરવાનગી આપેલ હોય, તેમને લાગુ પડશે નહી.

(ઈ) હથીયારના પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફકત પરવાનાવાળા હથીયારો જમા કરાવવાના રહેશે, તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે, જેની સર્વેએ નોંધ લેવી. આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ગ્રામ પંચાયત સામાન્ય ઈલેકશન/જા.નામુ/૨૦૨૫/૧૧.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ તા. ૨૮-૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં રાજકોટ જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે છે. પ્રચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરનો ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એ. કે. ગૌતમ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષણ અધિકારીની પરવનગી મેળવીને સવારના ૦૮-૦૦ કલાક થી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ થઈ શકશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા કોઈપણ પ્રકારના વાહન પર સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર મુકી શકશે નહી અને પરવાનગી મેળવેલ વાહનો દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિત તાલુકાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી તથા મોટર વ્હીકલ એકટ હેઠળ સક્ષમ અધિકારીશ્રી પાસેથી નિયત નમૂનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતા પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલ સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહશે નહી.

આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે તેમજ રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે, જેની સર્વેએ નોંધ લેવી. આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવાની રહેશે.

આજ તા. ૩૧મી, માહે, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

એ. કે. ગૌતમ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જિલ્લા.

પોલીસ કમિશ્નર દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

પથિક સોફ્ટવેર અંગેનું જાહેરનામું

ક્રમાંક : એસ.બી./પથિક સોફ્ટવેર અંગેનું જાહેરનામું/૧૬૦૫/૨૦૨૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામજીક તત્વો શહેરના વિસ્તારોમાં આવેલ હોટેલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનાઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજ્યો માંથી આવતા આવા તત્વો કોઈ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ભાડે રાખીને રહેતા હોય છે તેઓ આવા આશ્રય સ્થાનો ઉપર રહી શહેરની ભીડભાડવાળી જગ્યાઓ, મોટી હોસ્પીટલો, ઓદ્યોગીક એકમો, સરકારી કચેરીઓ, અતિ-સંવેદનશીલ જગ્યાઓ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાનામાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકી નિયમો કરવાનુ દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં કોઈ પણ વ્યકિતઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru/ માં કરવાની રહેશે. આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓની રાજકોટ શહેર એસ.ઓ.જી. શાખાની ઓફીસમાં રજીસ્ટર કરાવી આપના યુઝર આઈડી, પાસવર્ડ મેળવી લઈ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની જે તે સમયે ઓન લાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઈ વ્યકિતને હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ના માલીકો ભાડે આપી શકશે નહીં અને આ અંગે આ નીચે કરેલા નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં રૂમો/જગ્યા કોઈપણ વ્યકિતઓને ભાડે ત્યારે તે અનુસંધાને સ્થાનીક/પરપ્રાંતીય/ભારતીય અને વિદેશી મુસાફરો/નાગરીકોની પથીક સોફ્ટવેર

(ઓન લાઈન વેબ પોર્ટલ) https://pathik.guru માં ડેટાએન્ટ્રી તાત્કાલીક કરવાની રહેશે અને તે અંગેનો રોજેરોજનો સમરી રીપોર્ટ (Export Report) અને તેની સાથે તેઓના આઈ.ડી. પ્રુફની નકલ તથા "C" ફોર્મ હાર્ડકોપી માં નિયમીત ધોરણે રોજે રોજ ૨૪ કલાકની મર્યાદામાં જનરેટ કરી તેમની અલાયદી ફાઈલ બનાવી રેકર્ડ માં રાખવાની રહેશે તથા વિદેશી નાગરીકોની ડેટા એન્ટ્રી પથીક સોફ્ટવેર ઉપરાંત FRRO Modual (IVFRT) સોફ્ટવેર "C" ફોર્મ બન્ને માં કરવાની રહેશે આ કામગીરી અર્થે રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ કોમ્પ્યુટર રાખવું. જેમાં "PATHIK SOFTWARE" (PROGRAME FOR ANALYSIS OF TRAVELLER & HOTEL INFORMATIKS) ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રીઓ આ PATHIK સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) આ રોકાયેલ વિદેશી/ભારતીય મુસાફરોને મળવા આવતા સ્થાનીક/ અન્ય ઈસમો/મુલાકાતીઓની અલાયદી નોંધ રાખી તેઓની અસલ ફોટો આઈ.ડી. ચેક કરી તેની નકલ મેળવી અને મુલાકાત કર્યાના સમયની ખાસ નોંધ તેની માહીતી જે તે ગ્રાહકના ફોટો આઈ.ડી. સાથે ફાઈલ કરવાની રહેશે સદર કાર્યવાહી કર્યા વિના કોઈ પણ વ્યકિતને, માલીક/સંચાલક કે વહીવટ કર્તા તેઓની હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાને ભાડેથી રહેવા અથવા ધંધાકીય ઉપયોગમાં લેવા માટે આપી શકશે નહી.

(૩) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં મુસાફરો આવે ત્યારે તમામ મુસાફરોની મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર (Manual Guest Arrival-Depature Register) ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં જણાવેલ તમામ માહીતીની સચોટ ડેટા એન્ટ્રી તેઓના લીધેલ આઈ.ડી. પ્રુફ મુજબની પુરા નામ સરનામા સાથેની તાત્કાલીક કરવની રહેશે (તમામ ભારતીય મુસાફરોની ફોટો આઈ.ડી. તરીકે તેઓના અસલ આધાર કાર્ડ/ચુટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ) ચેક કરી તેને અપલોડ કરવાના રહેશે ફોટો આઈ.ડી. પ્રુફ તરીકે ઝેરોક્ષ કોપી મેળવી તે ઉપર તેઓની સહી લેવાની રહેશે.

(૪) અજાણ્યા ભારતીય/વિદેશી વિજીટર્સનુ બુકીંગ કરાવનાર વ્યકતી/કંપની/સંસ્થા/વેપારી પેઢી વિગેરેના પુરા નામ સરનામા ટેલીફોન નંબર સહીતના નક્કર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે.

(૫) અજાણ્યા/લોકલ રેફરન્સ સીવાયના ભારતીય/વિદેશી મુસાફરોને રાજકોટ શહેર માં કઈ જગ્યાએ કયા કામ માટે રોકવાના છે તેની વિગતો મેળવવાની રહેશે.

(૬) આવનાર તમામ મુસાફરોના મોબાઈલ નંબર/ઈ-મેઈલ આઈ.ડી. મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં નોંધવાના રહેશે અને આ મુસાફરોએ આપેલ મોબાઈલ નંબર સાચો છે કે કેમ? તે બાબતે હોટલ/લોજ ના નંબર થી કોલ કરી ખરાઈ કરવાની રહેશે.

(૭) હોટલ માં આવનાર કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક સ્થાનીક પોલીસ અથવા તો પોલીસ કંટ્રોલ રૂમ રાજકોટ શહેરને જાણ કરવાની રહેશે.

(૮) સી.સી.ટી.વી. કેમેરા તથા તેના ત્રણ માસ સુધીના રેકોર્ડીંગ ના બેકઅપ રાખવાનો રહેશે.

(૯) મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનોના પ્રકાર, મેન્યુફેકચર કંપનીનું નામ, ટુ વ્હીલર/ફોર વ્હીલર અને રજીસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓન લાઈન વેબ પોર્ટલ https://pathik.guru માં નોંધવાના રહેશે.

(૧૦) આકસ્મીક આગ લાગે ત્યારે તે માટેના આગ ઓલાવવાના Fire Extinguisher પુરતા પ્રમાણમાં રાખવાના રહેશે.

(૧૧) ફાયર એન.ઓ.સી. ગુમાસ્તાધારા, ફુડ લાયસન્સ, પોલીસ, ઓફીસર વિજીટ બુક, ઈમરજન્સી કોલ બુક, ભાડા કરાર અને ભાગીદારી કરાર વિગેરે લાગુ પડતા પ્રમાણપત્રો/દસ્તાવેજો મેળવી રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાના રહેશે અને પોલીસ જ્યારે જોવા માંગે ત્યારે બતાવવાના રહેશે.

(૧૨) દરેક હોટલ, ધાબા, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, મુસાફરખાનાઓમાં કામ કરતા તમામ માલિકો/ભાગીદારો/મેનેજરો/રીસેપ્શનીસ્ટ એમ તમામ કર્મચારીઓના હાલના તથા વતનના નામ સરનામા અને મોબાઈલ નંબરોની અદ્યતન માહીતીની યાદી રીસેપ્શન પર રાખવાની રહેશે અને તમામ કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન દર છ માસે કરાવી લેવાના રહેશે અને તેની એક નકલ રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાની રહેશે.

(૧૩) હોટલ/પથીક સોફ્ટવેર ને લગતી મહીતી/કામગીરી/સમસ્યા અંગે અથવાતો ડેટાએન્ટ્રી કરવામાં તકલીફ પડતી હોય અગરતો હોટલ/પથીક સોફ્ટવેર બંધ આવતો હોય તો વિના વિલંબે તાત્કાલીક એસ.ઓ.જી. રાજકોટ શહેરનો સંપર્ક કરવાનો રહેશે તથા કોઈપણ સંજોગોમાં તમામ મુસાફરોની ડેટા એન્ટ્રી કરવાની બાકી રાખવાની રહેશે નહી.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.10.01 12:50:48 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot